"Driving Salamat To Jivan Salamat"

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૦-૨૧/૧૯ — તા.૧૫-૦૭-૨૦૨૦

**<u>ખાસ જરૂરી</u>**

પ્રતિશ્રી,
**માન.શ્રી રાજેશભાઈ મંજુ સાહેબ**
વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

**<u>વિષય :- ગુજરાત રાજયના ટ્રાન્સપોર્ટરોની રજુઆત અંગે</u>**

માનનીયશ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે અમારા પ્રમુખ માન.શ્રી વાસણભાઈ આહિરની સુચના અનુસાર ઘણા વખતથી ચર્ચાતા મુદ્દાઓ આપશ્રીની ફરીથી જાણકારી ખાતર નીચે અનુસાર મોકલાવું છું.

૧. સરકારશ્રીએ એપ્રીલ અને મે મહિનાના ટેક્ષની છુટ આપેલ અને ત્યારબાદ વાર્ષિક અને અર્ધ વાર્ષિક એડવાન્સ ટેક્ષ ભરવાની મુદત તા.૩૦-૦૬-૨૦ સુધી રાખેલ, પરંતુ તે બાબતે ઓનલાઈન ટેક્ષ ભરવા અર્થે જે કોઈ વ્યવસ્થા બાદ ટેક્ષ ભરનારાઓને માત્ર ૧૫ દિવસનો સમય મળેલ અને તે દરમ્યાન પણ ટેક્ષ ભરવા જતા સીસ્ટમમાં ઘણી અગવડતા પડેલ અને ખાસ કરીને તારીખ ૨૫મી થી સીસ્ટમ ખુબ ધીમી પડેલ અને તે બાબતે આપની કચેરીમાં વારંવાર ટેલીફોનીક ચર્ચા થયેલ અને ખાસ કરીને છેલ્લા બે દિવસ સીસ્ટમ ચાલેલ જ નહી અને તે અર્થે આપની ઓફિસમાં જાણકારી પણ આપેલ. તેમજ તા.૩૦-૦૬-૨૦૨૦ના રોજ ઉપરોક્ત જાણકારી સાથે તેમજ ટેક્ષ ભરવાની મુદતનો થોડો વધારો કરવા માટેનો ઈમેલ પણ કરેલ. જે બાબતે હજુ સુધી કોઈ ઉત્તર મળેલ નથી.

૨. ઉપરોક્ત સંજોગોમાં જે ગાડી માલીકોએ તા.૩૦-૦૬-૨૦૨૦ની મુદત બાદ ટેક્ષ ભર્યો તેમને વ્યાજ અને પેનલ્ટી ભરવાની થયેલ પણ તે વ્યાજ અને પેનલ્ટીની ગણતરી તા.૦૧-૦૪-૨૦૨૦થી ગણવામાં આવેલ.

૩. ઓનલાઈન સીસ્ટમ અંગેના મુદ્દાઓમાં :

અ) કોઈપણ વ્યાપારીક વાહનના વેચાણ બાદ પરમીટ ટ્રાન્સફર અંગે ઓનલાઈન વ્યવસ્થા હોવા છતાં ૨૦ દિવસથી લઈ ૪૦ દિવસ પછીની એપોઈન્મેન્ટ મળે છે. જેથી તે વાહન તે દિવસો દરમ્યાન કાયદાકીય રીતે ચલાવી શકાતું નથી. જે હાલના સમયમાં અયોગ્ય છે અને પોષણક્ષમ નથી તેમજ ખરા અર્થમાં ઓનલાઈન વ્યવસ્થાનો અર્થ સરતો નથી.

બ) આજ પ્રમાણે લાઈસન્સ રીન્યુઅલ, સરનામાની ફેરબદલ અને ડુપ્લીકેટ લાઈસન્સની વ્યવસ્થા પણ ઓનલાઈન ગોઠવવામાં આવી છે, પણ તે અર્થે આજસુધી કોઈ સમયસર વ્યવસ્થા ગોઠવાઈની જાણકારી નથી અને તે બાબતે ઘણા લોકોના કામો પેન્ડીંગ છે અને ફરીયાદો પણ મળેલ છે.

ક) અગાઉ રજુઆત કરેલ તે પ્રમાણે વાહનના ફીટનેશ અંગે હોમ આરટીઓમાં જ જવું પડે છે. તેવી જ રીતે ડીએ કેસની ચુકવણી માટે જે-તે આરટીઓમાં જવું પડે છે અને આ કામો અંતર્ગત ટ્રાન્સપોર્ટ કંપનીઓના અધીકૃત પ્રતિનિધિની વ્યવસ્થા ગોઠવાઈ નથી.

ડ) જૂના કે નવા ડીએ કેસની પતાવટ વખતે કેસ બન્યો તે વખતે બધા ઓરીજીનલ ડોક્યુમેન્ટ બતાવ્યા હોવા છતાં તેમજ ડીએ કેસમાં ઓરીજીનલ ડોક્યુમેન્ટ ન બતાવ્યાનો ઉલ્લેખ ન હોવા છતાં જે-તે સમયે ફરીથી જૂના ડોક્યુમેન્ટનો જોવાનો આગ્રહ રાખવામાં આવે છે. અને ઘણી વખત તે ડ્રાઈવર ન હોવાથી કે જૂના ડોક્યુમેન્ટ ન મળવાથી તે ગુનો ના કર્યો હોવા છતા મોટો દંડ ભરવો પડે છે.

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



આપને અમારી સંસ્થા તેમજ અમારા સઘળાં મેમ્બર સમુદાય તરફથી અને ગુજરાત રાજયના દરેક ગાડી માલીકો અને ટ્રાન્સપોર્ટરો તરફથી નમ્ર વિનંતી કરવામાં આવે છે કે ઉપરોકત બાબતે યોગ્ય કરી આજના સમયમાં ખુબ જ તકલીફ વેઠતા વ્યવસાય ઉપર યોગ્ય ન્યાય મળે તેવી વ્યવસ્થા કરવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સ. એસો. વતી,

અશોક કે. વ્યાસ
(કાર્યાલય મંત્રી)